(૫)

સને ૨૦૧૯-૨૦
ચાલુ બાબત

રખડતા ગૌવંશના પશુઓના નિભાવ માટે સહાયની યોજનાના વહીવટી મંજૂરીના ઠરાવની બોલીઓ અને શરતોમાં સુધારા બાબત.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક...........................
11 FEB 2020
શાખા..........11126

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક :ગવસ/૧૨૨૦૧૯/૧૦૦૯/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા** :

૧.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગવસ/૧૨૨૦૧૮/૧૬૮૫/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૨.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પત્રક્રમાંક:ગવસ/૧૨૨૦૧૯/૮૧૦/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૩.ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીના પત્રક્રમાંક :ગગવબ/હિસા/બજેટ/૪૮૬૭/૧૯, તા.૨૬/૦૮/૨૦૧૯

**આમુખ**:-

વંચાણે લીધા(૧)ના ઠરાવથી આ વિભાગ હેઠળના ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓને સને ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૨)ના પત્રથી પશુપાલન નિયામકશ્રીની અધ્યક્ષપણા હેઠળ રચાયેલ કમિટી દ્વારા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓની સમીક્ષા કરી સુચવેલ ભલામણ મુજબ જરૂરી સુધારા-વધારા સાથે દરખાસ્ત કરવા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીને જણાવવામાં આવેલ. તદ્દઅનુસાર વંચાણે લીધા (૩)ના પત્રથી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરી દ્વારા રખડતા ગૌવંશના પશુઓના નિભાવ માટે સહાયની યોજનાની અમલીકરણની બોલીઓ અને શરતોમાં સુધારા કરવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**-:ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હસ્તકની રખડતા ગૌવંશના પશુઓના નિભાવ માટે સહાયની યોજનાને વંચાણે લીધા(૧)ના તા.૨૫/૦૭/૨૦૧૯ના ઠરાવથી સને ૨૦૧૯-૨૦ના વર્ષ માટે કુલ રૂ! ૯૦.૦૦ લાખ( અંકે રૂપિયા નેવું લાખ પુરા)ની જોગવાઈ મુજબ અપાયેલ વહીવટી મંજુરીના ઠરાવની શરતો અને બોલીઓમાં નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ સુધારો કરી વર્ષ ૨૦૧૯-૨૦મં ચાલુ રાખવાની આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે. આ યોજનાનું અમલીકરણ નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ કરવાનું રહેશે.

- **યોજનાનો ઉદ્દેશ:**

આ યોજનાનો ઉદ્દેશ રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા રખડતા પશુઓનો ઉપદ્રવ દૂર કરવાની કામગીરીમાં સહાયરૂપ થવાનો છે.

- **અમલીકરણની બોલીઓ અને શરતો**:

૧. રાજ્યની પબ્લિક ચેરીટી એક્ટ હેઠળ નોંધાયેલ પાંજરાપોળ જે આવા રખડતા પશુઓને સ્વીકારી નિભાવે તેને સહાય મળવાપાત્ર થશે. પ્રત્યેક પશુદીઠ રૂ! ૪૦૦૦.૦૦ લેખે નિભાવ સહાય એકજ વાર ચુકવવાની રહેશે.

૨. યોજનાનો લાભ મેળવવા માંગતી સંસ્થાએ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડને નિયત નમૂનામાં આઇ ખેડુત પોર્ટલ પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ લઈ તેમાં સ્થાનિક પશુચિકિત્સા અધિકારીના સહી/સિક્કા તથા જરૂરી સાધનિક-કાગળો બિડાણ કરી અરજી કર્યાના દિન-30માં બોર્ડને રજૂ કરવાની રહેશે.

૩. યોજના અંતર્ગત મેળવેલ અરજીઓની બોર્ડ દ્વારા ચકાસણી કરી આઇ-ખેડુત પોર્ટલ ઉપર પાત્રતા (Eligibility), મંજુરી (Sanction), દાવો રજુ કરવો (Claim Submission), ચકાસણી (Verification), તથા સહાયનું ચુકવણું (Payment Order) પ્રક્રિયા ઓન લાઇન કરવાની રહેશે.

૪. ગૌવંશના પશુઓ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા રજૂ કરાયેલ પશુઓ પરત નહિ સોંપવાની શરતે મુકવા બાબતના આદેશ/ભલામણની નકલને આધારભુત ગણી સ્વીકારેલ પશુઓની નિયત નમુનામાં દરખાસ્ત અને પશુઓ સ્વીકાર્યા અંગેની પહોંચ રજૂ કર્યેથી નિભાવ સહાય ચુકવવાની રહેશે.

૫. સંસ્થાએ સ્વીકારેલ પશુઓનું અલગથી ટેગ માર્કિંગ કરી વ્યવસ્થિત રેકર્ડ નિભાવવાનો રહેશે.

૬. યોજનાનો અમલ ગ્રાન્ટની ઉપલબ્ધતાના ધોરણે કરવાનો રહેશે.

૭. સંસ્થાએ દર નાણાંકીય વર્ષમાં ફેબ્રુઆરી માસ સુધીમાં સ્વીકારેલ પશુઓ માટે સહાયનો દાવો રજુ કરવાનો રહેશે.

૮. બોર્ડ/નોડલ અધિકારી દ્વારા સહાય મેળવેલ સંસ્થાઓની વખતોવખત મુલાકાત લઇ સમીક્ષા કરવાની રહેશે.

૯. લાભાર્થી સંસ્થાને મળવાપાત્ર સહાય ડી. બી. ટી. (Direct Benefit Transfer) મારફતે જ ચૂકવવાની રહેશે.

૧૦. આ યોજના માટે વધારાની નાણાકિય જવાબદારીની આ અંગેની ઉપલબ્ધ બજેટ જોગવાઇમાંથી જ વહન કરવાની રહેશે. અને વધારાની નાણાકિય માંગણી/દરખાસ્ત કરવાની રહેશે નહી.

આ યોજના અંગેનો ખર્ચ અંદાજપત્રના નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે અને તે જ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નં. | : ૪ |
| સેક્ટર | : ગ-આર્થિક સેવાઓ |
| સબસેક્ટર | : (ક)- કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ |
| મુખ્યસદર | : ૨૪03- પશુપાલન |
| ગૌણસદર | : ૧૦૨- પશુ અને ભેંસ વિકાસ |
| પેટાસદર | : (૧૧)- ગૌસેવા અને ગૌચર વિકાસ કાર્યક્રમો |
| વિગતવારસદર | : (૩૧૩૫) સહાયક અનુદાન (ગ) અન્યને(એએનએચ-૧૪) |

આ વિભાગની બજેટ શાખા ગ્રાન્ટ ફાળવણી કરે તે મુજબ તથા સરકારશ્રીના નાણા વિભાગની કરકસર સંદર્ભની વખતો વખતની સુચનાઓને ધ્યાને લઇ ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૨/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

(વી.પી. ચાવડા)
સેકશન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- મા.મંત્રીશ્રી(ગૌસંવર્ધન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- મા.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૌસંવર્ધન/પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, ગુ.રા., કૃષિભવન, સે-૧૦/એ ,ગાંધીનગર.
- સભ્ય સચિવસહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી,ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(કૃષિ), નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી, (ES-૧) એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit) ગુજરાત, ત્રીજેમાળ, ઓડીટભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
- એ. જી. (ઓડિટ)ની કચેરી, રાજકોટ / અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી,(આઈ.ટી.સેલ), કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની પી.૨/ બજેટ/ આયોજન શાખા
- સિલેક્ટ ફાઇલ